અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ ) અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે જીલ્લા, તાલુકા તથા શહેરી (મ્યુ.કોર્પો. વિસ્તાર માટે ) તકેદારી સમિતિની રચના બાબત.

...

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
( સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવ ક્રમાંક : જસબ / ૧૩૮૯ / ૫૦/૨૨૪૦/ જસેલ
સચિવાલય, ગાંધીનગર

તા. ૭/૧૦/૯૪

વંચાણે લીધા:-

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૪-૯૦ નો ઠરાવ ક્રમાંક : જસલ/૧૩૮૯/ ૫૦/ જસેલ

૨. સમાજ કલ્યાણ વિભાગનો તા.૭-૧-૯૨ નો ઠરાવ ક્રમાંક : જસલ /૧૩૮૯/ ૫૦/ જસેલ.

ઠરાવ:-

અનુસૂચિત જાતિ, જનજાતિ ( અત્યાચાર નિવારણ ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ-૨૧(૨) (૫) અન્વયે આ અધિનિયમના અસરકારક અમલ માટે જીલ્લા, તાલુકા તેમજ શહેરી ( મ્યુ.કોર્પોરેશન વિસ્તાર માટે ) તકેદારી સમિતિઓની રચનાનું બંધારણ આમુખ માં જણાવેલ તા.૨૫-૪-૯૦ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ત્યારબાદ આમુખ (૨) ના તા.૭-૧-૯૨ ના ઠરાવથી કેટલાક સુધારા પણ બહાર પાડેલ છે. પરંતુ હાલમાં પંચાયતોનું વિસર્જન થવાથી તાલુકાપંચાયતોમાં સરકારી પ્રતિનિધિ તરીકે વહીવટદાર નીમવામાં આવ્યા છે. એટલે તાલુકા - પંચાયતના પ્રમુખશ્રી તરીકે અત્યારે હાલ કોઇ વ્યકિતની નિમણુંક થયેલ નથી. આથી તાલુકા તકેદારી સમિતિની બેઠક બોલાવવા તેમજ તાલુકા તકેદારીસમિતિ ની પુનઃરચના કરવામાં મુશ્કેલી ઉભી થતી હોઇ પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ તાલુકા તકેદારી સમિતિમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીના સ્થાને વહીવટદારને આ સમિતિમાં સભ્ય તરીકે નિમણુંક કરવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં જે રીતે જીલ્લા તકેદારી સમિતિઓમાં અનુસૂચિત જાતિના કાર્યકર્તાઓમાંથી અને અનુસૂચિત જાતિના ઉત્કર્ષનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારોમાંથી પાંચ સભ્યો

નીમવામાં આવે છે. તે જ ધોરણે તાલુકા સામાજીક ન્યાય સમિતિના સભ્યોને સ્થાને જે તે તાલુકાના અનુસૂચિત જાતિના કાર્યકર્તાઓમાંથી અને અનુસૂચિત જાતિના ઉત્કર્ષનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારોમાંથી કલેકટરશ્રી દ્વારા બે સભ્યોને નીમવાનું આથી ઠરાવવામાં આવે છે.

તાલુકા સમિતિના અન્ય સભ્યો અંગે જીલ્લા કલેકટરશ્રીને જે સત્તાઓ આપેલ છે. તે મુજબ તાલુકા તકેદારી સમિતિની નિમણુંક કરવાની રહેશે. વહીવટદાર તથા આ બે સભ્યોની નિમણુંકની મુદત ચુંટણી બાદ તાલુકા સામાજીક ન્યાય સમિતિની રચના થાય ત્યાં સુધીની રહેશે. અથવા સમિતિની મુદત પુરી થાય એ બેમાં જે વહેલુ હોય ત્યાં સુધીની રહેશે.

આ સમિતિઓની બેઠકો નિયત સમયમાં બોલાવવામાં આવે તે જોવા પણ સર્વે કલેકટરશ્રીઓને આજ્ઞાનુસાર સુચના આપવામાં આવે છે.

OCT 1994

રવાના કર્યું
તા. 07 OCT 1994

(સહી)

( વી. એમ. પરમાર )
ઉપ સચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ, (સર્વે મામલતદારશ્રીઓને પરિપત્રિત કરવા વિનંતી છે.)
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
- તકેદારી અધિકારીશ્રીઓ ( અમદાવાદ, વડોદરા, રાજકોટ )
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, વડોદરા, ભાવનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- પસંદગી ફાઇલ